## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




તારે જેટલા પંપૂડા વગાડવા હોય તેટલા વગાડ પણ... માસ્ક કાઢીશ તો હજાર દંડ...!!

## પાવન પર્યુષણ સાતમો દિવસ

**રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ**

### જૈનાચાર્યનો સ્વર્ણિમ ઈતિહાસ

કોઈપણ પરંપરા તેના શ્રેષ્ઠ અનુયાયીઓમાંથી જ ટકે છે, તે પરંપરા ધંધાની હોય કે ધર્મની. જૈન પરંપરા વિશેષ ગૌરવપદ એટલે છે કે, ભગવાન મહાવીરના અનુયાયીઓ જૈનાચાર્ય આટલા વર્ષો બાદ પણ પોતાની આચાર સંપન્નતાને વળગી રહ્યા છે. વાહનના યુગમાં પદયાત્રા, બ્યુટીપાર્લરના યુગમાં પણ મસ્તક, દાઢી-મૂછના



વાળ ખેંચીને કાઢવાના, વગેરે નિયમોને દઢપણે વળગી રહ્યા છે. આ જડતા નથી, પણ સમજદારી છે. દુનિયા બદલાય એટલે આપણે બદલવાવું ફરજીયાત નથી. જરૂર હોય તો પરિવર્તન કરવું જોઈએ, પણ પરિવર્તનના પ્રવાહમાં તણાવું અણસમજુંપણાની નિશાની છે. જૈન સાધુઓ સમજદાર હોય છે. સંસ્કૃત-પ્રાકૃત જેવી મૂળ શાસ્ત્રોની ભાષા પણ તેઓ શીખે છે અને ગ્રંથો ભણે છે. ચિંતન-મનન પણ કરે છે અને ઉચ્ચ આચરણ પણ આચરે છે. તેમના જ્ઞાન-ચારિત્ર અને પ્રતિભા હેઠળ ભલભલા વિધ્વાનો, ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓ અંજાઈ જાય છે. આ તેમને પરંપરાથી મળેલું છે. આજના બપોરના પ્રવચનમાં આવા ધુંરધર જૈનાચાર્યોની વાત આવે છે. ભગવાન મહાવીરના પટ્ટધર શ્રી સુધ્રર્મસ્વામી, તેમના પટ્ટધર જંબુસ્વામી, તેમના પટ્ટધર પ્રભાવસ્વામી વગેરે છે. દેવેન્દ્રગણિ ક્ષમા શ્રમણ સુધીના આચાર્યની વાત અહીં રજૂ કરવામાં આવે છે. આ બધા આચાર્યોએ સાધના કરી, ધર્મની ઉન્નતિ કરી, શિયોને ધર્મની દેશના ફરમાવી અને મોક્ષ કે સ્વર્ગ પ્રાપ્ત કર્યું. આ જંબુ સ્વામી પછી કોઈ મોક્ષે ગયું નથી એમ જૈન પરંપરા માને છે. કારણ કે તે પૂર્વે જેવી સાધના આત્મસુદ્ધિ સાધકો કરતા હતા એવી હાલ ઉપલબ્ધ નથી.

તેમ છતાં વિશિષ્ટ આરાધના-સાધના દ્વારા જીવાત્મા પોતાના આત્માને કર્મ પડેલાની મહ્દ અંશે મુક્ત કરીને સારી ગતિ પામી શકે છે, જ્યાંથી બીજા કે ચોથા ભવમાં મોક્ષ પ્રાપ્ત થાય. સ્વર્ગ અને મોક્ષ ભિન્ન છે, એક નથી. સ્વર્ગમાં દેવો વસે છે અને મોક્ષમાં પરમાત્મા ભગવાન વસે છે. સ્વર્ગના દેવો તેમનું આયુષ્ય પુરુ થાય એટલે પુનઃ મનુષ્ય નર્ક કે પશુની યોનિમાં પરિભ્રમણા અર્થે આવે છે, જ્યારે પરમાત્મા સર્વ કર્મ મુક્ત હોવાથી પુનઃ કદીપણ સંસારમાં અવતરતા નથી. એમને કોઈપણ કારણસર પુનઃ જન્મ ધારણ કરવો પડતો નથી. ખાસ જૈન ધર્મની એક મજાની અને વાસ્તિવિક માન્યતા છે કે ભગવાનનું સ્વરૂપ એક સરખું જ હોય છે. પણ ભગવાન કોઈપણ જીવ બની શકે છે. તમે પોતે પણ ભગવાન બની શકો. સંસારી માણસના કામ, ક્રોધ, માન, માયા, મોહ, ઈર્ષા જેવા દુર્ગુણો પૂર્ણ પણે નાશ પામે તો તે જ જીવાત્મા પરમાત્મા બની જાય છે. હાલ જે પણ પરમાત્મા મોક્ષમાં છે, તે પણ પૂર્વે આપણા જેવા જ હતા. તેમણે સાધનાના બળે પોતાના અંતર શત્રુ પર વિજય પ્રાપ્ત કર્યો અને આવું શ્રેષ્ઠ સ્થાન પામ્યા. આવા પરમાત્મા સ્વરૂપ થયેલા જીવોને કદી પુનઃ સંસારમાં આવવું પડતું નથી. આજ સુધીમાં આવા મોક્ષે ગયેલા જીવો અંતા છે, આપણે પણ સાધના કરીએ, દુર્ગુણો પર વિજય પ્રાપ્ત કરીએ અને પરમાત્મા બનીએ.

## વાવોલમાં કાદવ કિચડનો ઉકેલ લાવવા માગ

વાવોલના દરબાર વાસમાં જવાના માર્ગ ઉપર વરસાદી પાણી ભરાઈ ગયા છે. અહીં રસ્તા પર ખુબ જ કાદવકિચડ થયો છે તથા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવા વસાહતીઓ માંગ કરી રહ્યા છે.



## પ્રતિક મોલ પાસે ગંદકીનું સામ્રાજય સર્જાયું

ગાંધીનગર, તા.૮

ધોળેશ્વર તરફ જતા પ્રતિક મોલ પાસે ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. નાગરિકો જેમ તેમ કચરો ઠાલવી રહ્યા છે. એક બાજુ કચરા લેવાની સમસ્યાઓ દૂર નથી થઈ ત્યાં બીજી બાજુ શહેરમાં ઠેક ઠેકાણે કચરો ફેંકીને ગંદકી વધી રહી છે. કોર્પોરેશન દ્વારા કચરા પેટીના જુદા જુદા ડબ્બાની જાહેરાત બાદ શહેરીજનોમાં રોષ ફેલાયો હતો. જેમાં કચરો લેવાવાળા અમુક સેકટરોમાં કચરો લેવા જતા જ નથી જેથી શહેરીજનો ઠેર ઠેર કચરો નાંખી ગંદકીનું સામ્રાજય ઉભું કરે છે. ગંદકીના કારણે રોગચાળો ફેલાય છે. તેથી આ બાબતે તંત્રએ કાર્યવાહી કરવી જોઈએ.

## વાસણીયા મહાદેવ મંદિર ખાતે શિવકથા યોજાઈ

ગાંધીનગર, તા.૮

દેવાધી દેવ મહાદેવજીની પૂજા અર્ચના કરવાના શ્રેષ્ઠ શ્રાવણ માસમાં ૧૫ દિવસીય શિવકથા યોજાઈ હતી. શિવ ભકત ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સંગીતમય શિવકથા સૌ ભકતોએ ખૂબ જ ભકિતભાવથી શ્રવણ કરી અને છેલ્લા દિવસે 'સુંદરકાંડ પાઠ' કરી કથા વિરામ થઈ હતી. આ કથાની પોથી વાસણ ગામ અને રાંધેજા સાધુ પરિવારના નિવાસસ્થાને ગઈ હતી.

## સે-૧૭ મધ્યસ્થ ગ્રંથાલય ખાતે 'મેઘાણી સાહિત્ય કોર્નર'

ગાંધીનગર, તા.૮

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણી લિખિત પુસ્તકોને લઈને 'મેઘાણી સાહિત્ય કોર્નર'નું આયોજન કરાયું છે. આ કોર્નર અન્વયે વાચકો અહીં બેસીને નિરાંતે મેઘાણીએ લખેલા પુસ્તકોનું વાંચન કરી શકે છે અથવા વાચક ગ્રંથાલયના સભ્ય હોય તો કોઈપણ પુસ્તક ઈસ્યુ કરાવીને ઘરે પણ લઈ જઈ શકે છે. આ કોર્નર મેઘાણીજીની જન્મ જયંતીના સમગ્ર વર્ષ દરમ્યાન ખુલ્લો રહેશે. આથી ગાંધીનગરની વાંચનપ્રેમી જનતાને મેઘાણીજીના સાહિત્યનું અમૃતપાન કરવા માટે જાહેર આમંત્રણ છે.

# ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલર અને એલ.એમ.વી. કારની સીરીઝનું રી-ઓકશન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લાના નાગરિકો પસંદગીનો નંબર મેળવી શકે તે માટે ટુ વ્હીલર તથા એલ.એમ.વી. કારની સીરીઝનું રી-ઓકશન આયોજન કરવામાં આવ્યું છે. રી-ઓકશનની ઓનલાઈન અરજી તા. ૧૫ સપ્ટેમ્બર થી તા. ૧૭ સપ્ટેમ્બર સુધી કરી શકાશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલરમાં GJ-18-DG,GJ-18-DH,GJ-18-DJ,GJ-18-DK,GI-18-DL તથા એલ.એમ.વી કારની સીરીઝ GJ-18-BK, GJ-18-BL, GJ-18-BM, GJ-16-BN, GJ-18-B̃ સીરીઝમાં રી-ઓકશન કરવામાં આવશે. પસંદગીના નંબરો માટે રાજ્ય સરકાર દ્વારા પરિપત્રથી આપેલી સૂચનાનુસાર ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ રજિસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂત રીતે યથાવત રાખી, વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી, સરકારશ્રી દ્વારા વાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા ONLINE AUCTION થી કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

ઓનલાઈન ઓકશનએ DYNAMIC AUCTION PROCESSES રહેશે. એટલે કે અરજદારને વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. આ ઉમેરો રૂ.૧૦૦૦/-ના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની ONE TIME BIDDING PROCESS જેમ એક જ વખત BIDD PROcess કરી શકશે નહી. ઓનલાઈન અરજી તા. ૧૫ સપ્ટેમ્બર થી તા. ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન કરી શકાશે. ઈ-ઓકશનનો બિડિંગ કરવાનો સમય તા. ૧૮ થી ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૧ ને રાત્રિના ૧૨ કલાક સુધી રહશે.

ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. આ માટે http:/parivahan.goin/parivahan પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવાનો રેહશે. વેબસાઈટ પર લોગીન કરીને વાહન ખરીદીના દિવસ-૭ ની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવવો.આ માટેની વિગતવાર સૂચનાઓ APPENDDI-A ઉપર આપવામાં આવી છે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. જો આ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ રકમ (Base price)ને જપ્ત કરવામાં આવશે. ફરીવાર હરાજી કરાવવામાં આવશે. ઓનલાઈન ઓકશન દરમ્યાન અરજદારે આરબીઆઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. ટુ-વ્હીલર તથા ફોર- વ્હીલર માટે સિલ્વર નંબર તથા ગોલ્ડ નંબર માટે જરૂરી Base price ચૂકવવાની રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલાં અરજદારને સફળ ગણી બાકીના નાણાં-દિન-૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે SMS કે E-mail થી જાણ કરવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના રહેશે. એટલે કે, Net Banking, credit/Debit card થી ચુકવણું કર્યું હશે તો તે જ Mode થી નાણાં અરજદારના ખાતામાં SBI-epay દ્વારા પરત કરવામાં આવશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.



## એજન્સીએ છુટા કરેલા સફાઈ કામદારો માટે 'આપ'નું આવેદનપત્ર

ગાંધીનગર મહાનગરપાલિકાની સફાઈ કર્મચારીઓની એજન્સી દ્વારા છુટા કરી દેવાયેલા સફાઈ કામદારોની વ્હારે આમ આદમી પાર્ટી આવી હતી અને આ મુદ્દે મનપાના મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યુ હતુ. આવેદનપત્રમાં છુટા કરાયેલા સફાઈ કામદારોએ તેમને લાંબા સમયથી વેતન વધારો પણ આપવામાં આવ્યો ના હોવાનો અને નવા કર્મચારીઓ ગાંધીનગર બહારથી લવાયાં હોવા સાથે તેમને બમણું વેતન ચુકવાતુ હોવાનો આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત એજન્સી દ્વારા બહારથી લવાયેલા કર્મચારીઓના પરિવાર માટે રહેઠાણની પણ વ્યવસ્થા કરવાની હિલચાલ કરાઈ રહી હોવાનું જણાવતાં કોરોના મહામારીના સમયમાં સ્થાનિક કર્મચારીઓને રોજગારી મળે તે ધ્યાને રાખીને ન્યાય અપાવવા માંગ કરી છે.

## પોષણ માસ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં ઉજવણી

આઈ.સી.ડી.એસ. ગાંધીનગર ઘટક-૧માં પોષણ માસ ઉજવણી અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં ઉજવણી કરાઈ હતી. જેમાં આંગણવાડી કાર્યકર દ્વારા વર્ચ્યુઅલ સુપોષણ સંવાદ અને ડોર ટુ ડોર ગૃહ મુલાકાત કરી સગર્ભા સ્ત્રીઓને આઈએફએ ટેબ્લેટનો વપરાશ કરવા પ્રોત્સાહન તેમજ પૌષ્ટિક આહારનો નિયમિત ઉપયોગ કરવા સમજ આપી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર અને કલોલના ૪ ગામમાં આજે ડીજીટલ સેવાસેતુનું આયોજન કરાયુ છે.
- કાકાના તારાપુર ગામ નજીકનું રેલ્વે ફાટક એકાએક બંધ થઈ જતાં આજે વાહનચાલકો અટવાયા હતા. આ વાહનચાલકોને આદરજ મોટી થઈ કોલવડા થઈ ગાંધીનગર આવવુ પડ્યું હતું.
- રેલ્વે ફાટક બંધ થઈ જતાં વાહનચાલકો રસ્તો રાહદારીઓને પુછી પુછી આગળ વધતા હતા ત્યારે બે બાળાઓએ આદરજ મોટી જવાનો રસ્તો બતાવતુ સાઈન બોર્ડ થાંભલા પર ટીંગાવી સૌની ચિંતા હળવી કરતાં એક વાહનચાલકે વાહન થોભાવી દિકરીઓને થેંક્યુ કહ્યુ હતુ.
- ફુલછાબના સિનિયર રિપોર્ટર ઋષિકેશ વ્યાસના પિતા અને પૂર્વ ભાષા નિયામક નારણભાઈ વ્યાસનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર-નારદીપુર વાયા સરઢવ રૂપાલ સીટી બસ સેવાનો આરંભ થતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.
- આયુષના નાયબ સચિવ વિકલ્પ ભારદ્વાજ નિયામકશ્રી ભાવનાબેન પટેલે આજે કુડાસણ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની મુલાકાત લીધી હતી.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે ૨૦૨૧-૨૨માં લેવાનારી શાળાકીય પરીક્ષાઓનું કેલેન્ડર આજે જારી કર્યુ છે.
- શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ આજે ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશનને લઈ મનપાના અધિકારીઓ સાથે વી.સી. યોજી સમીક્ષા કરી હતી.
- રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે ગિફટ સીટીમાં મહાનગરોના કમિશનરો સાથે સમીક્ષા બેઠક યોજશે.

## મનોજ શુક્લની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના 'બોર્ડ ઓફ કલ્ચરલ'ના સભ્યપદે વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનર કચેરીના નિવૃત મદદનીશ નિયામક અને પાટનગરની 'સંસ્કૃતિ સંસ્થા'ના મહામંત્રી મનોજ મ. શુક્લની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના બોર્ડ ઓફ કલ્ચરલના સભ્ય તરીકે ત્રણ વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી છે. કોલેજકાળથી રંગમંચલક્ષી પ્રવૃતિઓ સાથે સંકળાયેલા રહેલા અને વાકકલાના આજીવન વિદ્યાર્થી રહેલા મનોજ શુક્લએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા ભાવનગર યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની શાખામાં ૬ વર્ષ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીમાં ૩૨ વર્ષ



ફરજો બજાવી છે. તે તમામ અનુભવોને લક્ષમાં લઈને આ નિમણૂંક કરવામાં આવી હોવાનું મનાય છે.

## બી. પી. કોલેજ અને એસ. વી. ઈન્સ્ટિટયૂટમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૮

બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝમાં "Women Entrepreneurship Cell"નો "Orientation Programme" યોજાયો હતો.




કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર કડી સર્વ વિશ્વવિદ્યાલયસ્ટ સંલગ્ન બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએ અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના Women Entrepreneurship Cell îkhk Orientation Programmeનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં યુનિવર્સિટીના ઉઈઝના ચીફ કો-ઓર્ડિનેટર ડો. શિવાની ત્રિવેદીએ વિદ્યાર્થીઓને Entrepreneurship શું છે, તેને વિકસાવવા માટે ક્યાં પ્રકારની તૈયારી કરવી પડે, વર્ક પ્લેસ કે ઉદ્યોગમાં પણ ક્યાં પ્રકારનું વાતાવરણ ઊભું કરવું પડે જેનાથી કોઈ પણ જગ્યાએ તમે સફળતા પ્રાપ્ત કરી શકો તેની માહિતી આપી હતી. તેઓના વક્તવ્યમાં તેઓએ સફળ ઉદ્યોગ સાહસિક વ્યક્તિઓની રીતભાત અને જીવન શૈલી, કામ કરવાની ધગશ અને પોતાના કામ પ્રત્યેનું તેઓનું સમર્પણ કેવું હોય છે તેની વિસ્તૃત છણાવટ વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને આપી હતી. સાથે સાથે તેઓએ સફળ ઉદ્યોગસાહસિકોના જીવનની સામાન્ય જીવન પર પડતી પ્રભાવક અસરોની અસરકારક પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન ઉઈઝ સેલ દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અને માહિતી વિદ્યાર્થીઓને પૂરી પડી હતી. સાથે સાથે પ્રતિ વર્ષ કોલેજના ઉઈઝ દ્વારા કરવામાં આવતા સેમિનાર, વર્કશોપ અને વિવિધ પ્રોગ્રામ વિષે માહિતી પૂરી પાડીને દરેક વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ વર્કશોપમાં મ્ઝછના પ્રથમ વર્ષના ૫૨૮ કરતાં વધારે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. વર્કશોપનું આયોજન કોલેજના ડાયરેક્ટર પ્રો. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ, ઉઈઝના કોલેજ કોર્ડિનેટર્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાવોલમાં ગુરૂવારથી ત્રણ દિવસ માટે અણુંજા પડાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના વાવોલ ગામમાં પ્રાચીન સમયથી ચાલી આવતી પરંપરા અનુસાર ત્રણ દિવસ માટે અણુંજા પડશે. વાવોલમાં તા. ૯ મી સપ્ટેમ્બરથી શ્રી મહાકાળી માતાજીના અણુંજા પડવાની જાહેરાત કરાઈ છે જે તા. ૧૨મી સપ્ટેમ્બરે સવારે અણુંજા છુટાં થશે.

વાવોલમાં અણુંજા પડવાની પ્રથા ખૂબ જ જુના સમયથી ચાલી આવે છે અને જ્યારે અણુંજા પડે ત્યારે ગામના દૂધ ઉત્પાદકો તેમનું દૂધ વેચતા નથી પરંતુ દાન કરી દે છે એટલે આ સમય દરમ્યાન તેઓ ડેરીમાં પણ દૂધ ભરાવતા નથી. આ ઉપરાંત ગામમાં હજામ તથા દરજી તેમના કામધંધા બંધ રાખે છે અને ગ્રામજનો પણ આ ગાળામાં હજામત કરાવતા નથી. અણુંજા દરમ્યાન ગ્રામજનો બહારગામ જતા નથી અને પોતાના ઢોર-ઢાંખરની સાર-સંભાળ રાખે છે. આ પ્રાચીન માન્યતા અનુસાર વાવોલમાં ગુરૂવારથી રવિવાર સવાર સુધી શ્રી મહાકાળી માતાજીના અણુંજા પડવાની જાહેરાત થઈ છે. જો કે વાવોલમાં હવે નવા સોસાયટી વિસ્તાર વિકસ્યો છે જેમાં બહારથી આવેલા પરિવારો મોટી સંખ્યામાં વસવાટ કરે છે જેઓ આ અણુંજાની પ્રથા બાબતે અજાણ પણ હોય અને આ જુનવાણી પ્રથામાં માનતા ના હોય પરંતુ હજુ પણ વાવોલ ગામના કેટલાંક વિસ્તારમાં અણુંજાની પ્રથાને ગંભીરતાથી લેવામાં આવી રહી છે.

## શહેર કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ પદે રાજુભાઈ દેસાઈની નિમણુંક

ગાંધીનગરમાં ચૂંટણીઓ જાહેર થતાં જ વિવિધ રાજકીય પક્ષો સક્રિય બની ગયા છે અને સંગઠનને મજબુત કરવા માટે વિવિધ મોરચાના હોદ્દેદારોની નિમણૂંકની જાહેરાતો



થઈ રહી છે. આ અંતર્ગત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર શહેર કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે રાજુભાઈ દેસાઈની નિમણુંક કરવામાં આવી છે.

## રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા આઈટી ટેકનીકલ મેનપાવરના નિમણૂંકની માંગ

ગાંધીનગર, તા. ૮

'નેશનલ મિશન ઓન લાયબ્રેરીઝ' પ્રોજેક્ટ અન્વયે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા આઉટસોર્સથી બે જગ્યાઓ ભરવા માટેની માંગ કરી છે. ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિ.એ એમ્પેનલ કરેલ એજન્સીઓના લીસ્ટમાંથી એનાલિસ્ટ અને પ્રોગ્રામરની બે જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટે મંજૂરી માંગી છે. પ્રોજેક્ટની કામગીરી અન્વયે વિવિધ આઈટમન્સની ખરીદી કરી લીધી છે જ્યારે બાકીની આઈટમ્સની ખરીદી કરવામાં આવી રહી છે.

આથી આઉટસોર્સથી આઈટી ટેકનીલોજીકલ અપગ્રેડેશન કરવાની કામગીરીનો સત્વરે આરંભ કરી શકાય છે તે માટે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા માંગ કરવામાં આવી છે.

ટચુકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## ભાજપ મહાનગર લઘુમતી મોરચાની ટીમ જાહેર કરાઈ

ગાંધીનગર મહાનગર ભાજપ એકમ દ્વારા લઘુમતી મોરચાની ટીમ જાહેર કરવામાં આવી છે. જેમાં



લઘુમતી મોરચાના પ્રમુખ યુસુફભાઈ શેખની આગેવાનીમાં ૧૪ હોદ્દેદારોનો સમાવેશ કરાયો છે. પ્રમુખપદે વાવોલના લઘુમતી અગ્રણી યુસુફભાઈ શેખની વરણી અગાઉથી કરાઈ જ હતી. હવે તેમના નેતૃત્વ હેઠળ લઘુમતી મોરચાની ટીમમાં ચાર ઉપ પ્રમુખો નિમાયાં છે જેમાં સે. ૨૯ના મહમંદ આશિફ મનસુરી, પોરના સિકંદર મલેક, વાવોલના અસરફ શેખ અને જુના ખોરજના હાસનરશિદ મલેકનો સમાવેશ થાય છે. આ સાથે મહામંત્રી પદે સે. ૨૯ના રિઝવાન તૈબાણી અને પેથાપુરના ઝાકીર હુસૈન લુહારની નિમણૂંક કરાઈ છે. નિમાયેલા પાંચ મંત્રીઓમાં આશિફ રાણા, નિયાજુદ્દિન કાઝી, યુસુફ શેખ, મુનાવર મનસુરી અને અનવર પઠાણ તેમજ કોષાધ્યક્ષ પદે મૈયુદ્દિન મેમણ, કાર્યલય મંત્રી પદે રફિક પઠાણની નિમણૂંક કરાઈ છે.